# ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર-સજ્જતા

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતીલેક્સિકોનના સંયુક્ત ઉપક્રમે

gujaratilexicon.com
Ratilal Chandaria's Gujarati Language Resources

રૂપલ મહેતા (સંયોજક)

## કાર્યશાળા: ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર સજ્જતા

- પ્રથમ સત્ર – કમ્પ્યૂટરની સામાન્ય જાણકારી
- બીજું સત્ર – ગુજરાતીમાં ટાઇપ કેવી રીતે કરવું
- ત્રીજું સત્ર – ગુજરાતી વિકિપીડિયા
- ચોથું સત્ર – ગુજરાતીલેક્સિકોન અને ભગવદ્ગોમંડળ
- પાંચમું સત્ર – ગુજરાતી બ્લૉગ અને સોશિયલ મીડિયા
- છઠ્ઠું સત્ર – ગુજરાતી ફોન્ટ્સ

## પ્રથમ સત્ર : કમ્પ્યૂટરની સામાન્ય જાણકારી

- આપણું ધ્યેય
- કમ્પ્યૂટર શા માટે, કમ્પ્યૂટર એટલે શું
- કમ્પ્યૂટરના વિવિધ ઉપકરણો
- કમ્પ્યૂટરની રચના
- ઓપરેટિંગ સિસ્ટમ
- વિન્ડોઝની માહિતી
- કીબોર્ડનો ઉપયોગ
- કમ્પ્યૂટર પર દસ્તાવેજ તૈયાર કરવો

# ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર-સજ્જતા

- **આપણું ધ્યેય :**
  - – આપણું ધ્યેય કમ્પ્યૂટર દ્વારા આપણી માતૃભાષાને વિકસાવવાનું છે.
  - – આપણા મુખ્ય મુદ્દા છે :
    - ભાષાનું રક્ષણ,
    - શિક્ષણ અને
    - વિકાસ

    તે માટે આપણે કમ્પ્યૂટર ટેક્નોલૉજીનો ઉપયોગ કરવા માંગીએ છીએ.
  - – કમ્પ્યૂટરની ભાષા નથી અંગ્રેજી કે નથી ગુજરાતી.
    એ વિજ્ઞાન હોવાથી તેની ભાષા – બાયનરી છે.
    (શૂન્ય અને એક – 0 , 1 અંકની બનેલી છે.)

# ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર-સજ્જતા

- **કમ્પ્યૂટર શા માટે? :**
  - વૈશ્વિકરણના આ યુગમાં ટેક્નોલૉજી વગર હવે ચાલે તેમ નથી.
  - આ યુગનું કેન્દ્ર છે; ઇન્ફર્મેશન, કમ્યુનીકેશન – જ્યાં માહિતી અને વહેવાર હોય, ત્યાં ભાષાનો ઉપયોગ અનિવાર્ય.
  - ભાષા જેટલી વધારે બોલાતી, લખાતી અને વંચાતી હોય, તેટલી વધારે તે જીવંત રહે છે.
  - આપણો હેતુ સિદ્ધ કરવા - ગુજરાતી ભાષા અને સાહિત્યનું કમ્પ્યૂટર થકી રક્ષણ, શિક્ષણ અને વિકાસ.

# ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર-સજ્જતા

- કમ્પ્યૂટર શા માટે? :

– ટેક્સ્ટ મેસેજ, યુટ્યુબ વિડિયો, ફેસબુક, ટ્વીટર સંદેશ, બ્લૉગ, પોડકાસ્ટ, ઈમેલ, - રોજબરોજ વર્તમાનપત્રોમાં આ બધાંનો ઉલ્લેખ થતો હોય છે.

– આમ, જ્યારે કમ્યુનીકેશનનું માધ્યમ ઇન્ટરનેટ, કમ્પ્યૂટર અથવા સેલ ફોન બનતું જતું હોય, ત્યારે ભાષાને આ ટેક્નોલૉજીથી સજ્જ કરવાની જરૂર ઊભી થાય છે.

વિચાર જરૂર આવે કે આ નવીન ટેક્નોલૉજી છે - તેનો ઉપયોગ નવી પેઢી કરશે પરંતુ ...

## માત્ર નવી પેઢી માટે? :

જો આપણે એમ કહીશું કે નવીન ટેક્નોલૉજી છે – તેને કમ્પ્યૂટરથી સજ્જ નવી પેઢી કરશે, તો ન ચાલે. કારણ કે :

1. વર્તમાન પેઢી અનુભવી છે, સક્ષમ છે, કરી શકે તેમ છે - તો શા માટે નહીં?
2. નવી પેઢી પરિપક્વ થશે ત્યાં સુધીમાં ગુજરાતી ભાષા માટે ઘણું મોડું થઈ ગયું હોઈ શકે.
3. શા માટે બધું આવનારી પેઢી પર ઢોળી દેવું?

## એક નાની રૂપરેખા :

સવાલ એ છે કે આજની દુનિયામાં શું થઈ રહ્યું છે?
ટેક્નોલૉજી ક્ષેત્રે જગત હરણફાળ ભરી રહ્યું છે.

### કેટલીક હકીકતો (૨૦૧૨)

*( ત્રણ મિનિટનો વિડિયો - અંગ્રેજીમાં )*



# ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર-સજ્જતા

• ડેટામાં વધારો : ૫૦% પ્રતિ માસ
(આગામી પાંચ વર્ષમાં ૮૦૦% વધારો નોંધાશે.)

• માત્ર વિપુલતામાં જ નહીં, વિવિધતામાં પણ નોંધપાત્ર વધારો

• વિવિધતા એટલે - ટેક્સ્ટ મેસેજ, યુટ્યુબ વિડિયો, ફેસબુક પરના સંદેશ, બ્લૉગ, પોડકાસ્ટ, ઈમેલ, ફોટો, સંગીત, વિચારો, વહેવારો, વગેરે...

• ફેસબુક પર ૮૦ કરોડ યુઝર્સ છે

• રોજની ૨૯૪ અબજ ઈમેલ મોકલવામાં આવે છે.

• દર સેકન્ડે ૯૭,૦૦૦ ટ્વીટ સંદેશા લખાય છે.

• રોજના ૨૫ કરોડ ફોટા ફેસબુક પર અપલોડ થાય છે.

• નેટ પર ૨૦ કરોડ જેટલા બ્લૉગ છે.

*(વર્ષ ૨૦૧૨)*

## કમ્પ્યૂટર શા માટે? :

– આ ચોંકાવી દેનાર આંકડા માત્ર એ જ દર્શાવે છે કે

ટેક્નોલૉજી ક્ષેત્રે
જગત હરણફાળ ભરી રહ્યું છે.

# ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર-સજ્જતા

## આપ સૌ શા માટે? :

- ટેક્નોલૉજીના આ વ્યાપ્તને લીધે, ધ્યેય વિનાની સ્વચ્છંદતાને પરિણામે કેટલોક કચરો પણ ઠલવાઈ શકે એમ છે.
- કાર્યની વિપુલતા જોતાં, એક બે વ્યક્તિઓનાં નાના જૂથે નહીં, સમગ્ર સમાજે કામ કરવું પડે.
- આપ સૌ વિદ્વાનોની, અનુભવીઓની ટેક્નોલૉજીને જરૂર છે.
- આપણાં ધ્યેયનો ક્રમ ફેરબદલ કરીએ, તો :

ગુજરાતી ભાષાને તો ટેક્નોલૉજીની જરૂર છે જ
એથી વિશેષ
<u>ટેક્નોલૉજીને આપ સૌ ગુજરાતી ભાષાપ્રેમીઓની જરૂર છે.</u>

# ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર-સજ્જતા

## ફરજ અને જવાબદારી :

ગુજરાતી ભાષાપ્રેમી હોવાથી,

ગુજરાતી ભાષા અને સાહિત્યથી કમ્પ્યૂટર-સજ્જ થવાની

આપણી ફરજ અને જવાબદારી બંને છે.

- વિવિધ કમ્પ્યૂટર:



ડેસ્કટોપ

પર્સનલ કમ્પ્યૂટર



લેપટોપ

# ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર-સજ્જતા







સ્માર્ટફોન







આઈપેડ (ટેબલેટ)

ઈ-રીડર

# ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર-સજ્જતા



પહેલાંનું કમ્પ્યૂટર

- કમ્પ્યૂટર એટલે શું:

સાવ સામાન્ય ભાષામાં - કમ્પ્યૂટર એટલે <u>ઈલેક્ટ્રોનીક મશીન.</u>

મુખ્ય બે વિભાગો છે :

હાર્ડવેર

સોફ્ટવેર



## હાર્ડવેર :

કમ્પ્યૂટરનાં જે ઉપકરણોને સ્પર્શ કરી શકાય છે,
તેને હાર્ડવેર કહી શકાય.

ઉપકરણો એટલે

ઇનપુટ અને આઉટપુટ ડિવાઈસ

(અંતર્ગ્રાહી અને બહિર્ગામી ઉપકરણો)



કીબોર્ડ



મોનિટર



માઉસ



પ્રિન્ટર

## સોફ્ટવેર :

સોફ્ટવેર એટલે કમ્પ્યૂટર પ્રોગ્રામ, જેને કમ્પ્યૂટરમાં ઇન્સ્ટોલ કરવામાં આવે છે.

કમ્પ્યૂટર પ્રોગ્રામ એટલે કમ્પ્યૂટરની ભાષામાં પદ્ધતિસર આપેલી વિશેષ સૂચનાઓનો સમૂહ.

વિવિધ કાર્યો માટે વિવિધ સોફ્ટવેર પ્રોગ્રામ હોય છે, જેમ કે વર્ડ-પ્રોસેસર, સ્પ્રેડશીટ, પેઈન્ટ...



## • કમ્પ્યૂટર કેવી રીતે કામ કરે છે:

સાવ સામાન્ય શબ્દોમાં કહીએ, તો કમ્પ્યૂટર એટલે એવું ઈલેક્ટ્રોનીક મશીન, કે જે આપવામાં આવેલી માહિતી પર પ્રક્રિયા કરીને આપણને પરિણામ આપી શકે. આપણે તેને જે સૂચનાઓ/ આદેશ આપીએ, તે પ્રમાણે તે કાર્ય કરે છે.



## ઉદાહરણ: કાગળ ઝેરોક્ષ કરાવવો



## કમ્પ્યૂટરની રચના :

બેઝીક કોમ્પોનન્ટ્સ - મૂળભૂત ઘટકો:

- મધરબોર્ડ
- મેમરી
- સ્ટોરેજ
- ઇનપુટ તથા આઉટપુટ ડિવાઈસ
- સોફ્ટવેર

## કમ્પ્યૂટર ચાલુ કેવી રીતે કરવું :

આટલી પૂર્વભૂમિકા પછી હવે મુખ્ય મુદ્દા પર આવીએ.

જ્યારે આ પુશબટનથી પાવરની સ્વીચ આપો, ત્યારે જ કમ્પ્યૂટર ચાલુ થાય છે.

હવે કમ્પ્યૂટરની સ્વીચ ચાલુ કરીએ, તે પહેલાં ઓપરેટિંગ સિસ્ટમ વિશે માહિતી મેળવી લઈએ.



## • ઓપરેટિંગ સિસ્ટમ :

• હાર્ડવેર, તેની સાથે જોડાયેલા ઉપકરણો, સોફ્ટવેર વગેરેનું નિયંત્રણ કરે, તેવા સોફ્ટવેર પ્રોગ્રામને 'ઓપરેટિંગ સિસ્ટમ' કહેવાય છે.

• કમ્પ્યૂટરની સ્વીચ ચાલુ થાય, ત્યાંથી માંડીને સ્વીચ બંધ થાય, ત્યાં સુધી આ સિસ્ટમ નિયંત્રણ સંભાળે છે.

• માઈક્રોસોફ્ટ કંપનીએ બનાવેલી વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમ ઘણી પ્રચલિત છે.

આ સત્રમાં આપણે વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમથી સજ્જ કમ્પ્યૂટર પર કામ કરવાનું શીખીશું.



વિન્ડોઝ સિસ્ટમ 'લોડ' થઈ રહી છે –રાહ જુઓ

## • વિન્ડોઝની માહિતી :

### ડેસ્કટોપ સ્ક્રીન:

જેમ કે આપણે ખુરશી પર બેઠા હોઈએ અને સામે ટેબલ હોય, તેમ ડેસ્કટોપને આપણે આપણું કાર્ય કરવાનું ટેબલ ગણી શકાય.




• ટેબલ પર જુદી જુદી ફાઇલો હોય, તે નાનકડા ચિત્ર (આઇકન) આકારમાં હોય છે.

• નોંધ રાખવા માટે નોટપેડ હોય છે.

• વાત કરવા ટેલિફોન હોય છે.

• ગણતરી કરવા કેલ્ક્યુલેટર હોય છે.

• સમય દર્શાવવા ઘડિયાળ હોય છે.

• ન જોઈતા દસ્તાવેજ દૂર કરવા 'ડસ્ટબીન' હોય છે.

## આઇકન

જુદા જુદા કામ કરવા માટે જુદા જુદા પ્રોગ્રામના વિવિધ ચિહ્નો, ચિત્ર રૂપે હોય છે –જેને આઇકન કહેવાય છે.



## કર્સર



## માઉસ



માઉસને ફેરવવાથી જે તીર-નિશાન દેખાય છે, તેને ‘કર્સર’ કહેવાય છે.

માઉસના ડાબા બટનને એક વાર દબાવવાને ‘સીંગલ ક્લીક’ કહેવાય છે.

- ‘કર્સર’ને ચોક્કસ સ્થાન પર પહોંચાડવા માટે સીંગલ ક્લીક કરવું.
- કોઈ પ્રોગ્રામ ચાલુ કરવો હોય, તેને પસંદ કરવા સીંગલ ક્લીક કરવું.

માઉસના ડાબા બટનને બે વાર દબાવવાને ‘ડબલ ક્લીક’ કહેવાય છે.

- કોઈ પ્રોગ્રામ ચાલુ કરવા ‘ડબલ ક્લીક’ કરવું.

માઉસના જમણા બટનને એક વાર દબાવવાને ‘રાઈટ ક્લીક’ કહેવાય છે.

- ‘રાઈટ ક્લીક’ વડે કેટલાંક વિશેષ કાર્યો થઈ શકે છે.



## ફાઇલ અને ફોલ્ડર :

જેમ કોઈ કાર્યાલયમાં વ્યવસ્થા માટે 'ફાઇલીંગ સિસ્ટમ' હોય છે, તેમ કમ્પ્યૂટરમાં પણ, વ્યવસ્થા માટે, ફોલ્ડર અને ફાઇલ સિસ્ટમ હોય છે.




ઉદાહરણ :

- કાર્યાલયમાં કબાટ
- કબાટમાં ખાનું
- ખાનામાં ફાઇલ
- ફાઇલમાં દસ્તાવેજ

આ જ રીતે કમ્પ્યૂટરમાં ફાઇલ અને ફોલ્ડરની વ્યવસ્થા કરવામાં આવી છે. કબાટમાંનું આપણું આ ખાનું એટલે ફોલ્ડર, તેને તેના કાર્યને અનુલક્ષીને એક નામ આપવામાં આવે છે.

ખાનામાં રહેલી જુદી જુદી ફાઇલો એટલે 'ફાઇલ'. જો આ બધી ફાઇલોનાં નામ યોગ્ય રીતે અપાયા હોય, તો તેને ઝટ લઈને શોધી શકાય છે.

## માય ડૉક્યુમૅન્ટ્સ :

‘માય ડૉક્યુમૅન્ટ્સ’ આવું જ એક ફોલ્ડર છે,
જે પહેલેથી જ, દરેક કમ્પ્યૂટરમાં હોય છે.

આપણે બનાવીએ તે ફાઇલ મોટેભાગે આ ફોલ્ડરમાં સચવાય છે.



## માય કમ્પ્યૂટર :

આ મારું કમ્પ્યૂટર – જેના પર ક્લીક કરવાથી કમ્પ્યૂટરની બધી જ વિગતો જાણી શકાય છે.

કમ્પ્યૂટરના સ્ટોરેજમાં – કઈ ડ્રાઈવમાં ક્યાં, શું હોય છે, તે જોઈ શકાય છે.

તે ઉપરાંત કમ્પ્યૂટરના હાર્ડવેર વિશેની બધી જ માહિતી પણ મળી શકે છે.



## રિસાયકલ બીન :

એક પ્રકારનું 'ડસ્ટબીન' છે, જે દૂર કરવામાં આવેલી, 'ડીલીટ' કરેલી ફાઇલોનો સંગ્રહ હોય છે.

જો તેને અહીંથી પણ દૂર કરવામાં આવે, તો તે કમ્પ્યૂટર સિસ્ટમમાંથી કાયમ માટે દૂર થઈ જાય છે.



## ટાસ્કબાર :

કોઈ પણ કામ ‘ટાસ્ક’ – એટલે કે કમ્પ્યૂટર પ્રોગ્રામ ચાલુ હોય, તો આ પટ્ટા પર દેખાય છે જેને ‘ટાસ્કબાર’ કહેવાય છે.

પ્રોગ્રામ બંધ કરો, ત્યારે ‘ટાસ્કબાર’માંથી પણ પ્રોગ્રામ બંધ થઈ જાય છે.




ટાસ્કબાર

## સ્ટાર્ટ બટન અને મેનૂ :

‘સ્ટાર્ટ’ બટન : ટાસ્કબારની ડાબી બાજુએ ‘સ્ટાર્ટ’ બટન હોય છે. તેમાં રહેલા વિકલ્પો પસંદ કરીને કામ કરી શકાય છે. કોઈપણ પ્રોગ્રામ – જેમકે વર્ડ, એક્સેલ, નોટપેડ, ચાલુ કરી શકાય છે.

મેનૂ : માય કમ્પ્યૂટર, માય ડૉક્યુમેન્ટ્સ, કમ્પ્યૂટરના નિયંત્રણ માટેની કન્ટ્રોલ પેનલ વગેરેમાં જઈ શકાય છે. ‘માય-રિસન્ટ ડૉક્યુમેન્ટ્સ’માંથી હમણાં જ ખોલેલા દસ્તાવેજ જોઈ શકાય છે.

અન્ય: આ મેનૂમાંથી ‘હેલ્પ, સર્ચ – સહાય, શોધ’ વગેરે પણ મળે છે.

કમ્પ્યૂટર બંધ કરવા માટે શટ-ડાઉન ‘ટર્ન-ઑફ’નો વિકલ્પ અથવા ફરીથી ચાલુ કરવા ‘રિ-સ્ટાર્ટ’ પસંદ કરી શકાય છે.




સ્ટાર્ટ બટન

## વિન્ડો-બારી:

જ્યારે કોઈ પ્રોગ્રામ ખોલીએ –જેમ કે ‘નોટપેડ’ – ત્યારે એક લંબચોરસ બારી ખુલે છે, જેને ‘વિન્ડો’ કહેવાય છે. આ બારીને નાની-મોટી કરી શકાય છે, ઉપર-નીચે ખસેડી શકાય છે.

ઉપરની તરફ પ્રોગ્રામનું નામ હોય છે.

જમણી બાજુ ઉપરના ખૂણે, ત્રણ બટન હોય છે. પહેલા બે બટન બારીને નાની કે મોટી કરે છે અને -

છેલ્લા, લાલ રંગની ચોકડી દર્શાવતા બટન પર ક્લીક કરવાથી આ પ્રોગ્રામ બંધ થાય છે.



## ઇન્ટરનેટ એક્સપ્લોરરઃ




આ ઇન્ટરનેટ બ્રાઉઝરનું આઇકન છે.

તેના પર ક્લીક કરવાથી ઇન્ટરનેટ પરની કોઈ પણ વેબસાઇટ ખોલી શકાય છે.

ઉપરના ખાનામાં વેબસાઇટનું નામ આપવાનું હોય છે.

અન્ય પ્રચલિત બ્રાઉઝર છે; મોઝિલા ફાયરફોક્ષ, ગુગલ ક્રોમ વગેરે.

વેબસાઇટ એડ્રેસ દાખલ કરવાનું ખાનું



# ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર-સજ્જતા

## મોઝિલા ફાયરફોક્ષ:

http://www.gujaratisahityaparishad.com/



## ગુગલ ક્રોમ :

http://www.gujaratilexicon.com/



• **લખવું - ટાઈપ કરવું :**

તો આ બધી પૂર્વભૂમિકા થઈ! ચાલો આપણે હવે રસપ્રદ વાત પર આવીએ..

કમ્પ્યૂટરની સામાન્ય જાણકારી તો આપણે મેળવી, હવે આપણે કમ્પ્યૂટર પર લખવા વિશે એટલે કે ટાઇપ કરવા વિશે જાણીએ.

અગાઉ આપણે જોયું, તેમ કમ્પ્યૂટર જુદા જુદા સોફ્ટવેર પ્રોગ્રામ દ્વારા કામ કરે છે.

દરેક કામ માટે અલગ પ્રોગ્રામ હોય છે –

- લખવા, દસ્તાવેજ બનાવવા માટે ‘વર્ડ, નોટપેડ, વર્ડપેડ’ જેવા પ્રોગ્રામ હોય છે,
- નાણાંકીય વિગતો સાચવવા માટે ‘એક્સેલ’ જેવી વર્કશીટ હોય છે.
- ચિત્રો દોરવા ‘પેઈન્ટ’ હોય છે વગેરે વગેરે.

માઈક્રોસોફ્ટ વર્ડ તરીકે જાણીતો આ પ્રોગ્રામ લખવા માટે સરળ અને પ્રચલિત છે, તેથી લખવા માટે આપણે તેનો ઉપયોગ કરીશું.

# ગુજરાતી ભાષા અને કમ્પ્યૂટર-સજ્જતા

## ટાઈપ કેવી રીતે કરવું :

આ સત્રમાં આપણે અંગ્રેજીમાં લખતા-ટાઈપ કરતા શીખીશું કે જેથી આવતા સત્ર સુધીમાં આપણને ફાવટ આવી જાય અને પછી આપણે ગુજરાતીમાં ટાઈપ કરી શકીએ.

આ કીબોર્ડ પરની કી -જાણે કે કોઈ ટાઈપરાઈટર જેવી હોય છે.



## • કીબોર્ડની જાણકારી :

ABCD .. 1234.. – વગેરે આલ્ફાબેટ અક્ષર, નંબર, અવતરણ ચિહ્ન, વગેરે ટાઈપ કરવા માટે છે.

ધ્યાનમાં રાખવા જેવી મુખ્ય કી છે :
Del – અક્ષર કે શબ્દ દૂર કરી શકાય.

Backspace – કોઈ વાક્ય કે શબ્દની પાછળનો અક્ષર દૂર કરી શકાય.

Caps Lock – વાક્યની શરૂઆતનો પ્રથમ અક્ષર કેપીટલ કરવા માટે –અંગ્રેજી ભાષાને લાગુ પડે છે.

Shift – શીફ્ટ કી દ્વારા ઉપલી હરોળની સંજ્ઞાઓનો ઉપયોગ કરી શકાય.

Enter – એન્ટર કી દ્વારા લાઈનમાં ઉમેરો કરી શકાય.

Ctrl – કન્ટ્રોલ કી દ્વારા કેટલાંક વિશેષ કાર્ય થઈ શકે.

Alt – ઑલ્ટ કી થી માઉસના ઉપયોગ વગર, કીબોર્ડ પરથી જ આદેશ આપી શકાય.

Esc – કોઈ આદેશ રદ કરવો હોય, તો તે એસ્કેપ કી દ્વારા થઈ શકે છે.

Tab – ટેબ કી દ્વારા લખાણમાં પેરેગ્રાફ પાડી શકાય.

સ્પેસબાર – શબ્દો વચ્ચે સ્પેસ એટલે કે અંતર ઉમેરવા માટે હોય છે.

## શરૂઆત ક્યાંથી કરીશું? :

કોઈપણ પ્રોગ્રામ ચાલુ કરવો હોય, તો 'સ્ટાર્ટ' બટન પર ક્લીક કરવું. હવે તેમાંથી Microsoft Word - માઈક્રોસોફ્ટ વર્ડ પ્રોગ્રામ પર ક્લીક કરવાથી પ્રોગ્રામ ખુલશે.



અથવા જો તમારા ડેસ્કટોપ પર આઇકન હોય, તો તેના પર ડબલ-ક્લીક કરવું.



## શરૂઆત ક્યાંથી કરીશું? :

નવો દસ્તાવેજ બનાવવા માટે આપણે ઑફિસ બટન / ફાઇલ મેનૂમાંથી New પસંદ કરીશું.

દસ્તાવેજનો કાગળ આપણી સમક્ષ છે. આંગળા પર કીબોર્ડ છે – તો હવે લખવાનું ચાલુ!

ઑફિસ બટન




English (અંગ્રેજી)

## વર્ડ ફાઈલ :

મેનૂબાર




ઑફિસ બટન / ફાઇલ મેનૂમાં ક્લીક કરવાથી કેટલાંક વિકલ્પ મળશે – જેમકે નવી ફાઇલ બનાવવી, તેને સાચવવી, પ્રિન્ટ કરવી વગેરે.

ઉપરના ટેબ જુદા જુદા કાર્યોના વિકલ્પો દર્શાવે છે. જેમાં છે – ફોન્ટ, દસ્તાવેજને ફોરમેટ કરવો, પાનાનો લે-આઉટ બદલવો, દસ્તાવેજમાં ચિત્રો, ફોટા મૂકવા વગેરે વિકલ્પો હોય છે.

મદદ માટે કીબોર્ડની F1 કી દબાવી શકાય.

નીચે ટાસ્કબાર પર પાના નંબર, તથા ભાષા બતાવે છે – હાલપૂરતી ભાષા અંગ્રેજી છે.

## વર્ડ ફાઈલ :

એડિટિંગ : દસ્તાવેજમાં કૉલમ, ટેબલ, ઉમેરી શકાય, શબ્દોની નીચે અંડરલાઈન મૂકી શકાય, શીર્ષક હોય, તો શબ્દોની સાઇઝ મોટી કરી શકાય, વાક્યને **બૉલ્ડ** કરી શકાય, રંગ વડે તેને અલગ તારવી શકાય.

ફાઈલ 'સેવ' કરવી: આપણે જે લખ્યું, તે કમ્પ્યૂટરમાં આપમેળે સચવાઈ નથી જતું. આ અત્યંત અગત્યનું છે. કારણ કે નહીંતો લખવાની બધી મહેનત માથે પડે! તેને કમ્પ્યૂટરના સ્ટોરેજમાં સાચવવા માટે ઑફિસ બટન / ફાઇલ મેનૂમાં ક્લીક કરીને ફાઇલ – Save As આપવું.

નવી બનેલી ફાઇલનું નામ નથી હોતું, તેને નામ આપવું પડે છે. વર્ડ પ્રોગ્રામમાં બનેલી હોવાથી ફાઇલનું એક્સ્ટેન્શન .doc / .docx આપોઆપ આવી જશે. ફાઇલનું નામ વિચારીને આપજો, જેથી જ્યારે જરૂર પડે ત્યારે તે મળી જાય. ફાઇલ 'બાય ડિફોલ્ટ' -માય ડૉક્યુમૅન્ટ્સમાં સચવાય છે.

ફાઇલ 'પ્રિન્ટ' કરવી: ફાઇલ પ્રિન્ટ કરવા ઑફિસ બટન/ ફાઇલ મેનૂમાંથી પ્રિન્ટનો વિકલ્પ પસંદ કરવો.

## વર્ડ ફાઈલ :

<u>એડિટિંગ</u> :




<u>ફાઈલ 'સેવ' કરવી</u>:



## વર્ડ ફાઇલ :

શોર્ટકટ : આ કાર્યો કરવાના કેટલાંક શોર્ટકટ પણ હોય છે – જેમ કે,

Ctrl અને S એકસાથે દબાવવાથી ફાઇલ સાચવી -'સેવ' કરી શકાય

Ctrl અને P એકસાથે દબાવવાથી ફાઇલ 'પ્રિન્ટ' કરી શકાય

Ctrl અને C એકસાથે દબાવવાથી પસંદ કરેલા શબ્દોને 'કૉપી' કરી શકાય

Ctrl અને V એકસાથે દબાવવાથી કૉપી કરેલા શબ્દોને 'પેસ્ટ' કરી શકાય

આશા રાખીએ છીએ કે સૌ ટાઈપ કરવાનો મહાવરો રાખે કે જેથી આપણે ફરી પાછા મળીએ, ત્યારે આગળ શીખવું સરળ બને.

## આગામી સત્ર વિશે...

આ સત્ર અહીં સમાપ્ત થાય છે.

આગામી સત્ર છે, ‘<u>ગુજરાતીમાં ટાઇપ કેવી રીતે કરવું</u>’.



## પ્રાયોગિક તાલીમ - ‘એસાઈન્મેન્ટ’:

1. શ્રી નિરંજનભાઈ ભગતસાહેબનું કાવ્ય અંગ્રેજી લિપિમાં ટાઇપ કરવું.
2. પ્રિન્ટ કરવું.

<u>કાવ્ય :</u>

“ફરવા આવ્યો છું….”

hun tau bas faravaa aavyo chhun…

## વિશ્વમાનવી

કીકી કરું બે નભતારલીની
ને મીટમાં માપું દિગંતરાલને,
માયા વીંધીને જળવાદળીની
અખંડ દેખું પળમાં ત્રિકાલને.

સન્ધ્યા-ઉષાની સજી પાંખજોડલી
યાત્રી બનું ઊર્ધ્વમુખી અનંતનો;
સ્વર્ગંગામાં ઝૂકવું ચંદ્રહોડલી,
સંગી બનું વા ધૂમકેતુ-પંથનો.

વ્યક્તિત્વમાં બંધન તોડીફોડી,
વિશ્વાન્તરે પ્રાણપરાગ પાથરું;
પાંખો પ્રકાશે તિમિરે ઝબોળી
સ્થળે સ્થળે અંતરપ્રેમ છાવરું.
વ્યક્તિ મટી બનું વિશ્વમાનવી;
માથે ધરું ધૂળ વસુન્ધરાની.

*- ઉમાશંકર જોશી (૧૯૩૨)*

તો ચાલો આપણે પણ સૌ
ગુજરાતી ભાષાની ધૂળ માથે લઈને
આ ટેક્નોલૉજી જગતના વિશ્વમાનવી
બનવાની તૈયારી કરીએ,
અને સ્થળે સ્થળે આપણો ભાષાપ્રેમ પ્રસરાવીએ.

## આભાર : આપ સૌનો !

ગુજરાત વિદ્યાપીઠ
ગુજરાતીલેક્સિકોન
ગુજરાતી વિકિપીડિયા
ગુજરાતી સાહિત્ય પરિષદ

મૈત્રી શાહ
કાર્તિક મિસ્ત્રી
કોનારક રત્નાકર
હર્ષ કોઠારી
ધવલ વ્યાસ
રૂપલ મહેતા

આ કાર્યશાળા સાથે સંકળાયેલા સૌનો

આપ સૌ પ્રોત્સાહકોનો આભાર !